RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 82 Date: 12.01.2024 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા અયોધ્યામાં આતંકી હુમલાનું ષડયંત્ર! સુરક્ષા એજન્સીઓ એલર્ટ



નવીદિલ્હી,તા.૧૧

રામ મંદિરના ઉદ્ઘાટન કાર્યક્રમ પહેલા એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ યોજાનાર રામ મંદિરના ઉદ્ઘાટન કાર્યક્રમ આતંકવાદીઓના નિશાના પર છે. એજન્સીઓએ એલર્ટ જાહેર કરીને કહ્યું છે કે, આ કાર્યક્રમમાં ભાગ લેનારા રાજકારણીઓ અને અમલદારો માટે મોટો ખતરો તોળાઈ રહ્યો છે. અસામાજિક તત્વો વાતાવરણને બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. અયોધ્યામાં યોજાનાર રામજન્મભૂમિના અભિષેક સમારોહએ આતંકવાદી સંગઠનો અને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈની ઊંઘ હરામ કરી દીધી છે. ગુપ્તચર એજન્સીઓના દાવા મુજબ કટ્ટરવાદી સંગઠનો સતત એ વિચારને પ્રોત્સાહન આપી રહ્યા છે કે, કેન્દ્ર સરકાર ચોક્કસ વર્ગની વિરુદ્ધ જઈ રહી છે.

આ તરફ હવે જાસૂસી એજન્સીઓના એલર્ટ બાદ તમામ સુરક્ષા એજન્સીઓની એક બેઠક પણ યોજવામાં આવી છે. જેમાં આ ખતરાને પહોંચી વળવા માટે સમીક્ષા કરવા અને વ્યાપક વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત સુરક્ષા દળોને સમારંભ પહેલા સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે, જેથી આતંકવાદી સંગઠન અને તેની સાથે સંકળાયેલા તત્વો આસપાસના વિસ્તારોમાં ઘૂસણખોરી ન કરી શકે. સુરક્ષા દળોને આસપાસના વિસ્તારોમાં સતત તકેદારી રાખવા અને સર્ચ ઓપરેશન ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે.

અયોધ્યામાં રામ જન્મભૂમિ પ્રતિષ્ઠા સમારોહ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થવાના ડરથી આતંકવાદી સંગઠનો અને તેમના સમર્થક અસામાજિક તત્વોએ ઉત્તર પ્રદેશ સહિત ભારતના કેટલાક સ્થળોએ અયોધ્યાને કોઈપણ રીતે બરબાદ કરવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે કે, ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ પહેલા વાતાવરણને ખલેલ પહોંચાડવું જોઈએ જેથી આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ મુદ્દો ઉઠાવી શકાય કે ભારતમાં કોઈ ચોક્કસ વર્ગ પર અત્યાચાર થઈ રહ્યો છે. પાકિસ્તાની ગુપ્તચર એજન્સી અને તેની સાથે સંકળાયેલા તત્વો મોટા રાજનેતાઓ અને નોકરિયાતોને તેમના સાગરિતો દ્વારા નિશાન બનાવી શકે છે.

આ તરફ અયોધ્યામાં ઉત્તર પ્રદેશ સરકારે અદ્યતન સુરક્ષા અને વ્યવસ્થાપન પગલાં સહિત એક વ્યાપક યોજના અમલમાં મૂકી છે. સતર્ક દેખરેખ સુનિશ્ચિત કરવા માટે સમગ્ર શહેરમાં ૧૫૦૦ સાર્વજનિક સીસીટીવી કેમેરા સાથે ઈન્ટીગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમને સંકલિત કરવામાં આવી છે. નોંધનીય છે કે અયોધ્યાના યલો ઝોન ચહેરાની ઓળખ તકનીક સાથે ૧૦,૭૧૫ એઆઇ-આધારિત કેમેરાથી સજ્જ હશે જે આઇટીએમએસ સાથે એકીકૃત રીતે સંકલિત થશે અને અહીંથી તેનું નિરીક્ષણ કરવામાં આવશે. સેન્ટ્રલ કંટ્રોલ રૂમ પણ તૈયાર કરવામાં આવશે.

આ વ્યૂહાત્મક પગલાનો હેતુ મુખ્ય વિસ્તારોમાં એકંદર દેખરેખ અને સુરક્ષા વધારવાનો છે. ઈમરજન્સી રિસ્પોન્સ ક્ષમતાઓને વધારવા માટે, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો તૈનાત કરવામાં આવી છે. એસડીઆરએફ ટીમો નિયમિત બોટ પેટ્રોલિંગ કરશે, કોઈપણ પ્રકારના નશા પર સખત પ્રતિબંધ મૂકશે અને ખલાસીઓ માટે લાઈફ જેકેટ્સ અને ફરજિયાત આઈડી કાર્ડ જેવા સલામતીનાં પગલાં પર ભાર મૂકશે

એ યાદ રહે કે અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિરનું નિર્માણ ચાલી રહ્યું છે. આ સંદર્ભમાં અયોધ્યામાં સર્વાંગી વિકાસનું કામ ઝડપથી થઈ રહ્યું છે. ૨૨ જાન્યુઆરીએ રામલલાનો અભિષેક થશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ભાગ લેશે. આ ઉપરાંત વિપક્ષી પાર્ટીઓના નેતાઓ અને સંતોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અનેક લોકો અયોધ્યા આવશે. પરંતુ કોંગ્રેસના નેતાઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે નહીં. વાસ્તવમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સોનિયા ગાંધીએ રામ લલ્લાના અભિષેકમાં હાજરી આપવાનો ઈન્કાર કરી દીધો છે. હવે આ મુદ્દે રાજકારણ તેજ બન્યું છે.દેશની વસ્તીનો મોટો હિસ્સો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બનાવવા પાછળ એક મહત્વપૂર્ણ પરિબળ માને છે, તેમ છતાં તેમની પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ પીએમના પગલાની ટીકા કરી છે. (મંદિરના સંદર્ભમાં) પ્રશ્નાર્થ ચિન્હ ઊભો થયો છે. ભારતીય જનતા પાર્ટીના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે જ્યારે રામજન્મભૂમિ કેસ સુપ્રીમ કોર્ટમાં સમાપ્ત થવાના આરે હતો ત્યારે મોદીએ તેમાં વિલંબ કરવાનો પ્રયાસ કર્યો હતો. હકીકતમાં, મંદિરના નિર્માણ માટે સુપ્રીમ કોર્ટ અને તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈ અને અન્ય ન્યાયાધીશોનો આભાર માનવો જોઈએ.

## સુરત ભારતનું સૌથી સ્વચ્છ શહેર: ૭ વર્ષથી ઈન્દોર જ પ્રથમ આવતું હતું

નવીદિલ્હી,તા.૧૨

આ વર્ષે ઈન્દોરની સાથે સુરતે પણ સ્વચ્છ સર્વેક્ષણમાં પ્રથમ નંબર મેળવ્યો છે. તાજેતરના સ્વચ્છતા સર્વેક્ષણમાં ઈન્દોરે સતત સાતમી વખત સૌથી સ્વચ્છ શહેરનું બિરુદ મેળવ્યું છે, જોકે આ વખતે ઈન્દોરની સાથે સુરતને પણ સ્વચ્છ સર્વેક્ષણમાં પ્રથમ નંબર મળ્યો છે. સ્વચ્છતા પ્રત્યે તેની પ્રતિબદ્ધતા દર્શાવતા ઈન્દોર સૌથી વધુ પોઈન્ટ સાથે રેન્કિંગમાં ટોચ પર છે. નોંધનીય છે કે, સર્વેની ટીમે વરસાદની મોસમમાં ઈન્દોરની મુલાકાત લીધી હતી તેમ છતાં શહેરની સ્વચ્છતા જોવા જેવી હતી. તમને જણાવી દઈએ કે, ૭ વર્ષમાં પહેલીવાર ઈન્દોર સિવાય અન્ય કોઈ શહેર નંબર વન બન્યું છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં ભારત મંડપમ કન્વેન્શન સેન્ટર ખાતે આ એવોર્ડ આપ્યો હતો.

દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન ઈન્દોરને દેશનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવતા સ્થાનિક લોકોમાં ખુશી ફેલાઈ ગઈ છે. કોર્પોરેશન હેડક્વાર્ટર ખાતે એકત્ર થયેલા જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને કર્મચારીઓએ ન્ઈઙ સ્ક્રીન પર સમાચાર જોયા બાદ આ સિદ્ધિની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૩ ની થીમ કચરાના અસરકારક વ્યવસ્થાપન પર ભાર મૂકવાની સાથે ×વેસ્ટ ટુ વેલ્થ× પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૪,૪૭૭ શહેરોમાં ફાળવવામાં આવેલા ૯,૫૦૦ પોઈન્ટ્સમાંથી ઈન્દોર અને સુરત બંનેએ સૌથી વધુ માર્ક્સ મેળવ્યા છે. આ સંયુક્ત જીત સ્વચ્છતા જાળવવા અને કચરાને મૂલ્યવાન સંસાધનોમાં રૂપાંતરિત કરીને રાષ્ટ્રવ્યાપી સ્વચ્છ ભારત મિશનમાં યોગદાન આપવા પ્રત્યેના આ શહેરોના સમર્પણને રેખાંકિત કરે છે.

## વિજાપુર ઝવેરી હાઈસ્કૂલ ખાતે થી વન વિભાગ દ્વારા ચાઈના દોરીના વિરોધ માં જન જાગૃતિ રેલી કાઢી



વિજાપુર તા

વિજાપુર શહેરમાં આવેલ ઝવેરી.વી.આર હાઈસ્કૂલ ખાતે થી વન વિભાગના અધિકારીઓ કર્મચારીઓ તેમજ સામાજિક કાર્યકરો તેમજ ગૌ સેવા સંઘઠન જીવદયા પ્રેમીઓ મારફત ઉત્તરાયણ પર્વ નિમિત્તે પવન માં વિહાર કરતા પક્ષીઓ ના જીવ જોખમી ચાઈના દોરીના વિરોધ માં લોકોમાં જન જાગૃતિ લાવવા માટે રેલી કાઢવા માં આવી હતી જે રેલી ચક્કર, સરકારી દવાખાના , નગરપાલિકા, ટીબી રોડ સોસાયટી વિસ્તાર સ્વામિનારાયણ મંદિર ,રેલ્વે ક્રોસિંગ, બસ ડેપો શાકમાર્કેટ સહિત ના વિસ્તારોમાં ચાઈના દોરીના વિવિધ બેનરો સાથે ફરી હતી જેમાં વન વિભાગના આરએફઓ એલ એમ ચૌધરી તેમજ જીવદયા પ્રેમી ઓ કીર્તન પટેલ ,ભરત પટેલ, લક્ષ્મણ ભાઈ ઠક્કર , જીતુ ચૌધરી પારખનજી, વિષ્ણુ ભાઈ પટેલ શાળાના આચાર્ય ભવાન સિંહ રાઠોડ તેમજ પ્રાથમિક શાળા ૪ ના ઉપ આચાર્ય હેતલ બેન સહિત જોડાયા હતા અને રેલી સ્વરૂપે ફરીને ચાઈના દોરી નો વિરોધ નોંધાવ્યો હતો

## વિજાપુર શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજનો સ્નેહ મિલન ઇનામી વિતરણ કાર્યક્રમ યોજાયો

વિજાપુર તા

વિજાપુર શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજનો સોળ મો મિત્ર વર્તુળ મંડળ તેમજ સમાજનો સ્નેહમિલન તેમજ ઈનામી વિતરણ નો કાર્યક્રમ હનુમાનજી ના મંદિરે બેરણા ખાતે યોજાયો હતો જેમાં ૪૧ ગામ કડવા પાટીદાર સમાજના મહામંત્રી બાબુભાઈ બી પટેલ તેમજ મિત્ર વર્તુળ મંડળ ના પ્રમુખ સોમાભાઈ પટેલ રિલાયન્સ ઓટો જંત્રાલ વાળા તેમજ મિત્ર વર્તુળ મંડળના મંત્રી ભરતભાઈ પટેલ સોહમ વિહાર વાળા સવિતા બેન રમેશચંદ્ર પટેલ તથા ઉજાસ રમેશચંદ્ર પટેલ સંગીતા બેન પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહીને સમાજને ગૌરવ અપાવનાર શાળા કોલેજો માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને રમત ગમત માં પ્રથમ આવનાર રમત વીરો ને પ્રોત્સાહિત કરવા માટે ઈનામો નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ તેમજ સમાજ દ્વારા બનાવેલ શંકુલ ખાતે ચાલતી વિવિધ પ્રવૃતિ અને સમાજના બાળકો ને અભ્યાસ માટે ઉપયોગી યોજના ઓ નો અને તેના લાભો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી તેમજ વધુ અભ્યાસ માટે ઓછા વ્યાજે લોન ધિરાણ કરતી શ્રી ૪૧



ગામ ક્રેડિટ સોસાયટી ની યોજના વિશે પણ ઉપસ્થિત સમાજના લોકોને જાણ કરવામાં આવી હતી બાળકો વધુ અભ્યાસ કરી સમાજ ગામ તાલુકાનો નામ રોશન કરે તેની ઉપર વિશેષ ભાર આપવામાં આવ્યો હતો સમાજના બાળકો એ વિવિધ સામાજિક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન રુતેષ ભાઈ પટેલ અને પંકજ ભાઈ પટેલે સફળતા પૂર્વક નિભાવ્યું હતુ

## ભારત સરકારના પૂર્વ વિદેશ મંત્રી અને ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.માધવસિંહ સોલંકીજી ની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે આપવામાં આવેલ ભાવભીની શ્રદ્ધાંજલિ

મધ્યાહન ભોજન યોજના, મફત કન્યા કેળવણી, શિક્ષણ-નોકરીમાં ૨૭% બક્ષીપંચ અનામત, પછાત વિસ્તારોમાં જીઆઇડીસીની સ્થાપના, ઉદ્યોગોને પ્રોત્સાહન જેવા અનેક નિર્ણયોને કારણે ગરીબો, વંચિતોના મસિહા તરીકે લોકોના દિલમાં સ્થાન પ્રાપ્ત કરનાર ગુજરાતના પૂર્વમુખ્યમંત્રી અને ભારત સરકારના પૂર્વ વિદેશમંત્રી ×સ્વ.શ્રી માધવસિંહજી સોલંકી× ની ત્રીજી પુણ્યતિથિ પર માનવ અધિકાર ગ્રુપના પ્રમુખ શ્રી જ્યોર્જ ડાયસ ની આગેવાની હેઠળ વીર ભગતસિંહ ની પ્રતિમા પાસે,ખોખરા સર્કલ ખાતે કેન્ડલ પ્રગટાવી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી




## પિયરમાં પૈસા લાવવાનું કહી પતિએ માર માર્યો

ચાણસ્મા તાલુકાના મણીપુરા (ટાકોદી) ગામે રહેતી એક પરિણીતા પર તેની સાસરી પક્ષના લોકો ખોટા વહેમ રાખી તથા નાની નાની વાતે ઝઘડા કરી શારિરીક માનસિક ત્રાસ આપી અવારનવાર તેનાં પિતાનાં ઘેરથી ત તુટક તુટક પૈસા મંગાવતાં મહિલાએ હવે પિતાનાં ઘરેથી પૈસા લાવવાનો ઈન્કાર કરતાં તેનાં પતિએ તેનું માથું ભીંત સાથે ભટકાવી તથા મોંઢા ઉપર થપ્પડો મારી ઈજાઓ કરી હતી. આ મામલે પરિણીતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.આ અંગેની મળતી માહિતી મુજબ ચાણસ્માનાં મણીપુરા (ટાકોદી) ગામે રહેતી કિરણબેનના લગ્ન નવ વર્ષ પૂર્વે જોટાણાનાં રાણીપુરા ગામે વિક્રમસિંહ સાથે થયા હતા. લગ્ન જીવનથી બે દીકરીઓ છે. તેનાં પતિ તેની પાસે પિયરમાંથી વારંવાર પૈસા મંગાવતા હતા. તેણે રૂા. બે લાખ લાવીને તેણે તેનાં પતિને આપ્યા હતાં.

તંત્રી લેખ......

# આવકાર્ય પહેલ

પંચાયતી રાજ મંત્રાલયે એક આવકાર્ય પહેલ કરી છે કે દેશભરની પંચાયતોના યુવા જનપ્રતિનિધિઓ અને સાથે જ અધિકારીઓને નેતૃત્વ અને પ્રબંધનનું પ્રશિક્ષણ આઈઆઈએમ જેવી સંસ્થાઓ પાસે આપવામાં આવશે. આ નિર્ણય અંતર્ગત આઈઆઈએમ અમદાવાદમાં પહેલી બેચનું પ્રશિક્ષણ આ જ મહિને શરૂ થવા જઈ રહ્યું છે. આ જ રીતે ગ્રામ પ્રધાનોને પણ પ્રશિક્ષણ અપાવવામાં આવશે. એટલું જ નહીં, યોજના એ પણ છે કે પંચાયત પ્રતિનિધિઓની સાથે ગ્રામ પ્રધાનોને અન્ય સંસ્થાઓથી પણ ઉપલબ્ધ સંસાધનોનો બહેતર ઉપયોગ કરવાનું પ્રશિક્ષણ આપવામાં આવશે. તમામ પંચાયત પ્રતિનિધિઓ અને ગ્રામ પ્રધાનોને આઈઆઈએમ સંસ્થાઓથી પ્રશિક્ષણ આપવું આસાન નથી, તેથી એવી પણ કોઈ વ્યવસ્થા કરવી જોઈએ જેનાથી ચરણબદ્ધ રીતે અન્ય પંચાયત પ્રતિનિધિઓ અને ગ્રામપ્રધાનોને પ્રશિક્ષિત કરી શકાય. આ કામમાં સફળતા ત્યારે જ મળશે જ્યારે તમામ રાજ્ય સરકારો એવા પ્રશિક્ષણ પ્રત્યે સકારાત્મક વલણ દાખવશે. દેશના ગ્રામીણ ક્ષેત્રોના વિકાસ માટે ગ્રામ પ્રધાનોથી લઈને પંચાયતના પ્રતિનિધિઓને એક તરફ જ્યાં પારદર્શી રીતે કામ કરવાની જરૂર છે, ત્યાં જ બીજી તરફ એની પણ કે તે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતા સંસાધનોનો બહેતર રીતે ઉપયોગ કરે. અનેક ગ્રામ પ્રધાનો અને પંચાયત પ્રતિનિધિઓએ પોતાના કાર્યોથી અનુકરણીય ઉદાહરણ પૂરાં પાડ્યાં છે. ઘણા એવાં ગામ છે જેનો કાયાકલ્પ થયો છે, પરંતુ કેટલાય ગામો એવાં પણ છે જ્યાં પર્યાપ્ત ધન ઉપલબ્ધ કરાવવા છતાં અપેક્ષિત કાર્યો નથી થઈ શક્યાં.એક એવા સમયે જ્યારે રાજ્ય સરકારોની સાથે સાથે કેન્દ્ર સરકાર ગ્રામીણ વિકાસ માટે પર્યાપ્ત ધનરાશિ આપી રહી છે ત્યારે એ સુનિશ્ચિત કરવું જ જોઈએ કે ગામડાંનો યોગ્ય રીતે વિકાસ થાય. વાસ્તવમાં ગામડાંને માત્ર એ શહેરી સુવિધાઓથી સજ્જ કરવાની જ જરૂરિયાત નથી, જેના અભાવે લોકો શહેરી વિસ્તારો તરફ પલાયન કરે છે, બલ્કે તેમને આત્મનિર્ભર બનાવવાની પણ છે. આપણા નીતિ-નિયંતા એની અવગણના ન કરી શકે કે નાગરિક સુવિધાઓ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર વગેરે કારણોથી ગામડાંથી શહેરો તરફ પલાયનનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. તેને અટકાવવાની જરૂર છે અને તેમાં ત્યારે જ સફળતા મળશે જ્યારે ગામડાં સુવિધાથી સંપન્ન બનશે અને ત્યાંનું સમગ્ર માળખું બહેતર થશે.

## મકર સંક્રાંતિએ ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ– યુવા તથા શ્રી કરૂણા લઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈનનાં સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય કંટ્રોલ રૂમ ખોલાશે



રાજ્યભરમાં ઉતરાયણનો તહેવાર ઉમંગપૂર્વક ઉજવાતો હોય છે પરંતુ આ દરમ્યાન પતંગની દોરીથી પક્ષીઓને ઈજા થવાના અને મૃત્યુ થવાના સંખ્યાબંધ બનાવો બનતા હોય છે. આવા બનાવો નિવારવા તથા ઈજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજય સરકાર દ્વારા જીવદયાપ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી 'કરુણા અભિયાન' શરૂ કરાશે. તા. ૧૦/૦૧/૨૦૨૪ થી તા. ૨૦/૦૧/૨૦૨૪ દરમ્યાન સઘનપણે પક્ષીઓને બચાવવાની કામગીરી સુઆયોજીત ઢબે હાથ ધરાશે.અત્રે ઉલ્લેખનીય છે કે, જીવદયા એ આપણો નૈતિક ધર્મ છે અને પતંગના દોરાથી અબોલ પક્ષીઓ જે રીતે ઘાયલ થાય છે અને મૃત્યુ પામે છે તે જોઈને આપણું હૃદય દ્રવી ઉઠે છે અને થથરી જાય છે. તો આ દિવસોમાં જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ—યુવા અને શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટ બન્નેનાં સંયુક્ત ઉપક્રમે 'પક્ષી બચાવો' કેમ્પ યોજાશે.આ કેમ્પમાં લગભગ ૪૦ જેટલા ડોકટરો આ પક્ષીઓને સારવાર આપવા અને જરૂર જણાય તો ઓપરેશન કરી બચાવવા માટે ખડેપગે રહેશે. આ બધુ જ નજરે નિહાળવા માટે એકવાર આ કેમ્પની અવશ્ય મુલાકાત લેવા અપીલ કરવામાં આવી છે. આવા ભગીરથ કાર્યમાં જેઓને પણ સહભાગી થવું હોય તેઓ પોતાનું યોગદાન પ્રોજેકટ કમીટીને લખાવી શકે છે. અથવા રૂબરૂ કોન્ટેક કરી શકે છે. 'કરુણા અભિયાન—૨૦૨૪' અંતર્ગત કંટ્રોલરૂમ જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ—યુવાના પ્રમુખશ્રી મનીષભાઈ મહેતા, જયેશભાઈ વસા, નિલેશભાઈ ભાલાણી (ભીમભાઈ), દર્શનભાઈ શાહ, સુનીલભાઈ કોઠારી, અમીષભાઈ દેસાઈ, મેઘલ પરીખ, અશોક વોરા, કુશાંગભાઈ દોશી તથા સલાહકાર સમિતના જયેશભાઈ શાહ, મયુરભાઈ શાહ, એડવોકેટ કમલેશભાઈ શાહ તથા સાથી ટીમ પણ ખાસ ઉપસ્થિત રહી સહકાર આપશે. 'કરૂણા અભિયાન—૨૦૨૪' અંગેની વિશેષ માહિતી માટે દર્શનભાઈ શાહ (મોઃ ૯૮૨૪૨ ૨૦૨૬૫), સુનીલભાઈ કોઠારી (મો.૯૪૨૬૯ ૯૧૮૧૪), અમીષભાઈ દેસાઈ (મો.૯૮૨૫૬ ૨૮૧૮૦) નો સંપર્ક કરવા જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ– યુવાની યાદીમાં જણાવાયું છે.

## ભારતીય યુવા કોંગ્રેસ દ્વારા યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ 'સિઝન-૪' રાજીવ ગાંધી ભવન ખાતે લોન્ચીંગ કરવામાં આવ્યું.

ભારતીય યુવા કોંગ્રેસ દ્વારા યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ 'સિઝન-૪' રાજીવ ગાંધી ભવન ખાતે લોન્ચીંગ કરવામાં આવ્યું, આ યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમનું રજીસ્ટ્રેશન ૨૦ જાન્યુઆરી સુધી થઈ શકશે. આ પ્રસંગે ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા ઓમ જાટ જણાવ્યું હતું કે, યુવાનો રાજનીતિમાં આવે તે માટેનું યંગ ઈન્ડિયા બોલ એક અનોખુ પ્લેટ ફોર્મ છે.યુવા કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમનું આ પ્રતિયોગિતામાં વિજેતા થનારને આગામી સમયમાં દિલ્હી ખાતે યોજનાર રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્લેટફોર્મ આપવામાં આવશે. આપણે એવા સમયમાંથી પસાર થઈ રહ્યાં છીએ કે, પોતાની વાત રજુ કરવા માટેની આઝાદી મળી રહી નથી ત્યારે યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ પોતાની વાત રજુ કરવા માટે યુવાનોને પ્લેટ ફોર્મ પુરુ પાડશે, ભ્રષ્ટાચાર અને તાનાશાહી સરકાર યુવાનોને દબાવી રહી છે ત્યારે યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ થકી સરકાર સામે અવાજ ઉઠાવી શકાશે. યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૨૦ જાન્યુઆરી સુધી રજીસ્ટ્રેશન કરી શકાશે.યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમમાં સ્થાનિક, પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરની સમસ્યા વિશે અસરકારક વાત રજુ કરનારે સન્માનિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ૧૮ થી ૪૦ વર્ષ સુધી લોકો ભાગ લઈ શકશે એવુ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણાએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસના પૂર્વપ્રમુખશ્રી નેટ્ટા ડીસોઝા, ગુજરાત પ્રદેશ મીડીયા પ્રભારી સચિન સાવંત, ગુજરાત વિધાનસભાના ઉપનેતા શૈલેષ પરમાર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનીષ દોશી, હેમાંગ રાવલ, મનહરભાઈ પટેલ, હિરેન બેંકર, સંજય ગઢવી અને યુવા કોંગ્રેસના પ્રવક્તા સુભાન સૈયદ, શરીફ કાનૂગા, જયમીન સોનારા અને અમદાવાદ યુવા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી ઉપસ્થિત રહ્યા.

મુકેશ આંજણા

## ૧૨ જાન્યુઆરી, "રાષ્ટ્રીય યુવા દિવસ"



દર વર્ષે સ્વામી વિવેકાનંદનાં જન્મ દિવસને "યુવા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘનાં નિર્ણયાનુસાર ઇ.સ. ૧૯૮૫નાં વર્ષને આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ ઘોષિત કરવામાં આવ્યું. આ ઘટનાનો મહત્ત્વનો વિચાર કરતાં ભારત સરકાર તરફથી પણ ઘોષણા કરવામાં આવી કે ઇ. સ. ૧૯૮૫થી ૧૨ જાન્યુઆરી એટલે કે યુવાનોનાં એક આદર્શ એવા સ્વામી વિવેકાનંદ જયંતીનો દિવસ 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે દેશભરમાં સર્વત્ર મનાવવામાં આવશે.

તેનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક, આર્થિકથી લઇને રાજકીય મુદ્દાઓ પર યુવાનોની ભાગેદારી અને તેમના વિચારો પર ચર્ચા કરવાનો છે. દેશની સફળતાનો આધાર ત્યાં વસતા લોકો પર હોય છે. ભારત જેવા દેશમાં જયાં મોટા ભાગની વસ્તીમાં યુવાનો વસતા હોય, જે દેશ પાસે કાર્યક્ષમ કર્મચારી તરીકે યુવાધન હોય ત્યારે આ દિવસથી વધુ મહત્વનું તો બીજું શું હોય શકે ? આ દિવસે યુવા-આગેવાની હેઠળની સંસ્થાઓ, સરકારો, યુવાનો અને અન્ય લોકો કે જે શિક્ષણમાં પરિવર્તન લાવવા અને વિશ્વવ્યાપી યુવાનોને ઉત્થાન અપાવવા માટે કામ કરી રહ્યા છે તેની ઉજવણી કરે છે. યુવા દિવસ એ યુવાનોને સમાવતા સાંસ્કૃતિક અને કાનૂની મુદ્દાઓને સ્થાપિત કરવા માટે બનાવવામાં આવેલ એક જાગૃતિ દિવસ છે. વર્તમાન સંજોગો જોતા રાજનીતિમાં યુવાનોનું જોડાણ કરવું ખુબ જરૂરી છે, જેનાથી ભવિષ્ય માટેની સારી અને દુર્ગામી નીતિઓ ઘડી શકાય, આ જોડાણથી યુવાનોમાં એક વિશ્વાસ અને દેશ માટે કંઈક કાર્ય કરવા માટેનાં ઉત્સાહને પ્રજ્વલિત કરવામાં ફાળો આપી શકાય છે. વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચર્ચાઓ, પ્રદર્શનો, મેળાઓ, પરિષદો અને અન્ય પ્રમોશનલ પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન કરીને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે એક મહત્વનો દિવસ છે. આજના સમયમાં કેટલાક વિકસિત દેશો પોતાનાં યુવાધનને આધુનિકતાની છબી બતાવતા ગેરમાર્ગે પણ દોરી જાય છે. યુવાધનને પોતાના પ્રચારનાં માધ્યમ તરીકે વાપરવું એ આવનાર ભવિષ્યમાં વિશ્વનાં અન્ય દેશો સાથે હરીફાઈમાં ટકી રહેવામાં એક મોટી મુસીબત સમાન છે. આજનું યુવાધન પણ પોતાની વિચાર શક્તિને સમજવાને બદલે કેટલાક અંશે દેખાડાની વિચારધારાને અનુસરી રહ્યું છે. "રીયલ લાઈફ" અને "રીલ લાઈફ" એનું જ પરિણામ છે. જયારે કોઈ આગવું સ્થાન ધરાવતી યુવા વ્યક્તિ જે પગલું ભરે છે તેને અનુસરવા માટે બીજા પ્રયત્નો કરતા થઇ જાય છે, જે કેટલાક સારા પરિણામ પણ આપે અને ખોટા પરિણામ પણ આપે છે. આજનાં યુવાધન માટે સહનશક્તિ એ ક્યાંક ઓછી થતી જણાઈ રહી છે, નાની વાતમાં મોટા પગલાં ભરવા, જેનાથી તે પોતાને નુકશાન પહોંચાડી રહ્યા છે. યુવાધનનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો દરેક દેશ પ્રગતિનાં પંથ પર આગળ આવી શકે છે. ઘણા દેશમાં યુવાઓ માટે અલગથી યોગ્યતા મુજબની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. જેથી યુવામાં રહેલ ખૂબીને જાગૃત કરવી સરળ બની રહે છે.યુવા પેઢી, આધુનિક પેઢી એ દરેક સમસ્યાનો સામનો સિંહની જેમ કરશે એવી મારી શ્રદ્ધા છે – સ્વામી વિવેકાનંદ

## સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૩ના પરિણામમાં સુરત શહેર પહેલી વખત પ્રથમ ક્રમાંકે આવતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સુરત શહેરના લોકોને અને મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા



સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૩ના પરિણામમાં સુરત શહેર પહેલી વખત પ્રથમ ક્રમાંકે આવતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સુરત શહેરના લોકોને અને મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સ્વચ્છતા માટે દેશવાસીઓમાં જાગૃતતા લાવવા સતત કાર્યો કરે છે તેનુ આ પરિણામ છે કે સુરત શહેર આજે સ્વચ્છતામાં અગ્રેસર રહ્યુ – શ્રી સી.આર.પાટીલસુરતની જેમ ગુજરાતના અન્ય શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોએ પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સ્વચ્છતાના સંકલ્પને સાકાર કરવા પ્રયત્ન કરવો જોઈએ. –શ્રી સી.આર.પાટીલ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૩ના પરિણામ જાહેર થયા છે જેમાં ડાયમંડ સિટી અને ટેક્સટાઈલનું હબ ગણાતા સુરતે ફરી ગુજરાત અને દેશનું ગૌરવ વધાર્યુ છે. સતત વિકાસની નવી નવી ઉચાંઈથી ઝળહળતું સુરતને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે એવોર્ડ મળ્યો છે. સુરત અને ઈન્દોરને સંયુકત રિતે પ્રથમ ક્રમાંક આવતા પાલિકા કમિશનર અને મેયરને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સુરત ખાતે પ્રેસ કોન્ફરન્સ સંબોધી સુરતવાસીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયથી સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે દિશમાં કામ કરતા આવ્યા છે અને આજે દેશભરમાં સફાઈની જાગૃતિ આવે તે માટે અવારનવાર સફાઈની ઝુંબેશના કામો કરવાની પ્રેરણા આપતા રહે છે જેના કારણે દેશભરમાં આજે સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતતા આવી છે. ગુજરાતમાં સુરત શહેર પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સ્વચ્છતાના સંકલ્પને સાકાર કરવા કોર્પોરેશનના પદાધિકારીઓ,કર્મચારીઓ અને સુરતવાસીઓએ સ્વચ્છતા અંગે કામો કર્યા છે તેના કારણે સુરત શહેર પ્રથમ વખત સ્વચ્છતામાં પહેલો નંબર પ્રાપ્ત કર્યો તે બદલ સુરતવાસીઓ અને મહાનગરપાલિકાના પદાધિકારીઓને પણ અભિનંદન. સુરતના લોકોમાં સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિને કારણે આ શક્ય બન્યુ છે. સ્વચ્છતામાં પ્રથમ ક્રમાંક સુરત શહેર હમેંશા બની રહે તે માટે પ્રયત્ન કરતા રહે તેવો આગ્રહ છે. સુરતની જેમ ગુજરાતના અન્ય શહેર અને ગામડાના લોકો પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સ્વચ્છતાના સંકલ્પને સાકાર કરવા પ્રયત્ન કરે તેવી વિનંતી છે

# કાયદેસર રજા નથી મળતી નથી? જોઈ શું રહ્યા છો?રજા ન મળે તો ગુલ્લી મારો!

પાણીમાં પલળેલ કૂકડા જેવો રાજુ રદી મૂરઝાયેલ મોંઢે મારા ઘરમાં ચૂપચાપ આવીને ખુરશી પર ફસડાઈ ગયો.

'રાજુ. આજે કેમ હવાઈ ગયેલ પાપડ જેવો દેખાય છે? આજીવન વાંઢાને વધુ એક છોકરીએ બાબાજી કા ઠુલ્લું દેખાડ્યું?'મેં પૂછયું. આમ, તો રાજુની દુખતી નસ દબાવી .

'નો કીડીગ. નો ટિઝિંગ. ગિરધરભાઈ આઈ એમ નોટ ઈન મુડ ટુ લિસન લુઝ ટોક!'રાજુએ દઢતાથી કહ્યું.

'ઓકે. અત્રે પધારવાનું પ્રયોજન જણાવશો'મેં રાજુને દાઢમાં કહ્યું.

'ગિરધરભાઈ. હવે સર્જિકલ સ્ટ્રાઈક કરવાનો સમય આવી ગયો છે.' રાજુ ચીફ ઓફ ડીફેન્સ જેવી દ્રઢતા અને મક્કમતાથી બોલ્યો.

'છાપામાં એવી કોઇ ઘટનાનો રિપોર્ટ છપાયો નથી કે સર્જિકલ સ્ટ્રાઇક કરવી પડે.'મે રાજુને કહ્યું.

'ગિરધરભાઇ જુદા પ્રકારની સર્જિકલ સ્ટ્રાઇક કરવી પડશે. આ દેશ બે વર્ગમાં વહેંચાઈ ગયા છે. એક રજા પ્રધાન છે. આ વર્ગ રજાની રાહ જુએ છે. કેલેન્ડરમાં રજા વચ્ચેના ખાલી દિવસો ગણે છે. ખાલી દિવસની રજા મુકી રજાના દિવસો વધારે છે,રજાને રજા તરીકે માણે છે. રજા પડી ટલે મમરાની ગુણની જેમ ઘરમાં બેસી રહેતા નથી. બેગ, બિસ્તરાં,થેલા, હોલસ્ટર વગેરે લઇ, મિત્રો-સગાવહાલા સાથી સાથે પર્વત, ખીણ, નદીઓ, સાગર ખુંદવા નીકળી પડે છે. રોક કલાઈમ્બીગ, માઉન્ટેનિયરિંગ, સ્કૂબા ડાઈવીંગ, પેરા ગ્લાઈડીંગ વગેરે કરે છે. ઝૂ, મ્યુઝિયમ, પ્લેન્ટોરિયમ, સફારી પાર્ક, સેન્કચ્યુરી ,કિલ્લા વગેરે ખૂંદી નાંખે છે. દિવસભર ફરે છે, પર્વત ચઢે છે, રાતે ફાયર કેમ્પમાં વાયોલિન , ગિટાર, ફ્લ્યુટ, ડ્રમ વગાડી એન્જોય કરે છે. રજાની પળેપળનો ઉપયોગ કરી એનર્જી લેવલ વધારે છે. મોનોટોનસ જિંદગીને મનગમતી ,મનચાહી, મનોચ્છિત પ્રવૃત્તિથી બેટરી ચાર્જ કરે છે! આ વર્ગ યે દિલ માંગે મોર ટાઈપ વધુ રજા ઝંખે છે. મોટા હાકેમના કૂતરાં મરી જાય તો રાષ્ટ્રીય શોકના ભાગરૂપે રજા મળે તો પણ ભયોભયો તેમ માને છે!!અલબત, રજાના અતિરેક તેમના કામને વધુ ધારદાર બનાવે છે.વ્યવસાયિક જીવનમાં પણ તેજીલા તોખારની જેમ ટાર્ગેટ એચિવ કરે છે. આ વર્ગ જીંદાદિલ હોય છે!'રાજુએ રજાના તરફદારીની તરફદારી કરી.

'રાજુ. જૂના જમાનામાં ઋષિઓ હવન કરતા હતા. આ હવનને અપવિત્ર કરવા, મલિન કે દૂષિત કરવા અસુરો હવનમાં સમિધ અર્પણ કરવાના બદલે હાડકા નાંખતા હતા. આવો વર્ગ રજા ઘટાડાવાની ડુગડુગી વગાડનાર છે. આ વર્ગ સીમિત છે. આ વર્ગ તથાકથિત નપુંસક , સ્યુડો સેકયુલર કમ બુધ્ધિજીવી છે. વિકસિત દેશ, વિકાસશીલ કે અવિકસિત દેશોનો હવાલો ટાંકીને રજાઓ દેશની ઉત્પાદકતા માટે ખતરાની ઘંટી છે. કામના કલાકો વધારવા જોઇએ. ખેતરમાં કામ કરતા બળદને રજા મળતી નથી. પ્રવર્તમાન શ્રમ કાયદા મુજબ ન્યુનતમ આહાર મળતો નથી. કુંભારના ગદર્ભ કે વણઝારાના ઊંટની પણ હાલત આવી જ છે. જો પશુઓ રજા ન ભોગવતા હોય અને અહર્નિશ કામ કરતા હોય તો તમારા માટે રજા હક્ક નથી.'મેં કહ્યું

'ગિરધરભાઇ . આ લોકો માને છે કે - દુનિયાના કોઈ દેશમાં આટલી રજાઓ નથી એ જ રીતે દુનિયાના કોઈ દેશમાં હડતાલ ઉપર જનારા પ્રત્યે આટલી હમદર્દી પણ નથી. તેમના કથનના સમર્થનમાં દાખલા ટાંકે છે જેમ કે, દાદરાનગર હવેલીની વિવિધ શાળાઓમાં છત્રીસ વરસ સેવા આપીને નિવૃત્ત થયેલા શ્રી ધીરજલાલ નાયકે એકપણ રજા લીધા વિના નોકરી પૂરી કરી છે. મૂળ કછોલીના આ શિક્ષકે નોકરી દરમ્યાન એક પણ માંદગીની કે હક્ક રજા લીધી નથી. આ જ રીતે કુમારી પોરોચીસ્ટ સાવક પટેલ અને પ્રેટી પટેલના નામે આવો જ રેકોર્ડ લિમ્કા બુકમાં નોંધાયેલો છે. ' રાજુએ યુનિક રેકર્ડ રજૂ કર્યો.

' રાજુ .આપણા દેશમાં રજાઓનો અતિરેક છે કયારેક સરકાર કોઈ રજા બંધ કરે છે તો લોકો એનો વિરોધ કરે છે. રજાઓ તો સરકાર અને અર્ધ સરકારી સંસ્થાઓને મળે છે. બેંકોને મળે છે. ખાનગી ઉદ્યોગોને તો બારેમાસ કામ કરવું પડે છે. શ્રમજીવીઓને રજાઓ મળતી નથી અથવા ઓછી મળે છે. રજામાં લોકોના કામ ટલ્લે ચડે છે. રજા ભોગવ્યા પછી એકાદ બે દિવસ કર્મચારીઓ થાક ઉતારવામાં કાઢે છે. તેઓ આળસુ થઈ ગયા હોય છે.' મે રાજુને લોકોની માનસિકતા જણાવી ' ગિરધરભાઈ.કયારેક કર્મચારીઓ કોઈ રજા રવીવારે આવી જાય તો અફસોસ કરે છે કે આપણે રજા ગુમાવી તો બીજા કેટલાક કર્મચારીઓ એવા પણ હોય છે કે જે ઉદ્યોગ અફસોસ કરે છે કે આપણે એક દિવસ કામનો ગુમાવ્યો વેપાર ઉદ્યોગ તો ધાર્મિક તેમજરાષ્ટ્રીય દિવસે પણ ચાલુ રહેતા હોય છે. ૧૫મી ઓગષ્ટ કે ૨૬મી જાન્યુઆરીએ પણ કામકાજ ચાલુ જ હોય છે તેથી એવું લાગે છે કે અમુક દિવસોના અપવાદો સિવાય બેંકનું કામકાજ અને ઓફિસોનું કામકાજ ચાલુ રાખવું જોઈએ.તેમ માને છે. શિક્ષકોની નોકરી માટે કહેવાય છે કે શટરપટરની નોકરી છ મહિનાની રજા!'રાજુએ કહ્યું.

'રાજુ. હમણા અદાલતે રજાની હિમાયત કરનાર વર્ગને ચુકાદાનો ડામ દઇ દીધો છે. બન્યું એવું કે ૨ ઓગસ્ટ ૧૯૫૪ના રોજ દાદરા-નગર-હવેલી વિસ્તાર પોર્ટુગીઝોના વર્ચસ્વથી મુક્ત થયો હતો.

ભરત વૈષ્ણવ

# પીપળાનું મહત્વ :

**પીપળાના ૬-૭ તાજા પાંદડા લો અને તેને ૪૦૦ મિલી પાણીમાં નાંખો અને ૧૦૦ મિલી રહી જાય ત્યાં સુધી ઉકાળો, જ્યારે તે ઠંડુ થઈ જાય, ત્યારે વાસણ સ્ટીલ અને એલ્યુમિનિયમમાં ન નાખવું જોઈએ, આ પાણીના સેવનથી તમારું હૃદય એક દિવસમાં સ્વસ્થ થવા લાગશે.**

**❖ પીપળાના પાનમાં ભોજન ખાવાથી લીવરનાં રોગ મટે છે.**

**❖ પીપળાના સૂકા પાનનું ચૂર્ણ બનાવી તેમાં અડધી ચમચી ગોળ ભેળવીને સવાર-સાંજ ખાવાથી અસ્થમા મટે છે.**

**❖ પીપળાના ૪-૫ તાજા પાનને પીસીને પાણીમાં ભેળવીને પીવાથી કમળામાં ૧-૨ વારમાં આરામ મળે છે.**

**❖ પીપળાની છાલને ગંગાજળમાં ઘસીને ઘા પર લગાવવાથી તરત આરામ મળે છે. પીપળની છાલ તેમાં સાકર ભેળવીને દિવસમાં ૫-૬ વખત ચૂસવાથી કોઈપણ નશો દૂર થાય છે.**


**❖ પીપળાના પાનનો ઉકાળો પીવાથી ફેફસાં, હૃદય, પેટ અને લીવરના તમામ રોગો મટે છે.**

**❖ પીપળાના પાનનો ઉકાળો બનાવીને પીવાથી કિડનીના રોગો મટે છે અને પથરી તૂટી જાય છે અને દૂર થાય છે.**

**❖ તમને ગમે તેટલી ઉદાસીનતા હોય, દરરોજ ૩૦ મિનિટ પીપળના ઝાડ નીચે બેસો, તેનાથી ડિપ્રેશનનો અંત આવે છે.**

**❖ પીપળાના ફળ અને તાજા કોપલ સમાન માત્રામાં લઈ, તેને પીસી, સૂકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી સ્ત્રીઓના ગર્ભાશય અને માસિક ધર્મના તમામ રોગો મટે છે.**

**❖ પીપળાના ફળ અને તાજા કોપલે સમાન માત્રામાં લઈ, તેને પીસી, સૂકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી બાળકોની લિસ્પ મટે છે અને મગજ ખૂબ જ તેજ બને છે.**



**❖ જે બાળકોમાં હાયપરએક્ટિવિટી છે, જે બાળકો આખી રાત દોડે છે, ઓછી ઊંઘ લે છે, આ બાળકોને પીપળાના ઝાડ નીચે બેસાડો તો હાયપરએક્ટિવિટી ઓછી થાય છે.**

**❖ ઘૂંટણનો દુખાવો ગમે તેટલો જૂનો હોય, પીપળા નીચે બેસવાથી ૩૦-૪૫ દિવસમાં ખતમ થઈ જશે.**

**❖ શરીરમાં ગમે ત્યાંથી લોહી આવે છે, સ્ત્રીઓને માસિક સ્ત્રાવ સમયે અધિક રક્તસ્ત્રાવ થતો હોય, બાબાસીરમાં લોહી આવે છે, દાંત કાઢ્યા પછી લોહી આવે છે, ઈજા થાય છે, ત્યારે પીપળાના ૮-૧૦ પાનને પીસીને ગાળીને પીવાથી તરત જ લોહી આવતું બંધ થાય છે.**

**❖ શરીરમાં ક્યાંય પણ સોજો, દુખાવો, ગરમી હોય તો પીપળાના પાન બાંધો તો ઠીક થઈ જશે.**

\- મિતલ ખેતાણી

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




## NOG SS NO 204

વિષયઃ મકરસંક્રાંતિ
શીર્ષકઃ "પતંગ ઉડાવજો આકાશે"
પ્રકાર:પદ્ય
નામઃ ચેતનાબેન કેતન પટેલ
ઉપનામઃ ક્રિષ્ના

પતંગ ઉડાવજો આકાશે,
પણ લોભ નો પતંગ કાપવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ મોહ નો પતંગ કાપવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ ક્રોધ નો પતંગ કાપવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ અંહકાર નો પતંગ કાપવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ અજ્ઞાનતા નો પતંગ કાપવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ લાલચ નો પતંગ કાપવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ તલસાંકળીથી મતભેદ કાપવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ પ્રેમ નો પેચ લડાવવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ જીવન મેઘધનુષી બનાવવાનું ન ભૂલતા !
પતંગ ઉડાવજો આકાશે,
પણ જરૂરતમંદ ને દાન કરવાનું ન ભૂલતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS NO:185

વિષય : મકરસંક્રાંતિ (ઉત્તરાયણ)
લેખન : દિલીપ સી. સોની
પ્રકાર : પદ્ય
શિર્ષક : પતંગનો જીવન સંદેશ

ધ્યેય પ્રાપ્તિનો સુસંદેશ જ આપે, પવિત્ર મકરસંક્રાંતિ,
ઉડે ઉંચે પતંગ કોશિશોથી, આપે ખુશી મકરસંક્રાંતિ,

વિચારોથી ઉડશે પતંગ? કરો કોશિશ હૈયે હામ ભીડી,
મળશે મંજિલ ખુલ્લા ગગને, લહેરાશે જ પતંગ તારો,

સૂર્ય ઉત્તરે જાય, ઠંડી હવા વહે, ઉડે પતંગો આકાશે,
છાપરે બેસી સૂર્યસ્નાન સાથે, તલગોળ પ્રેમે ખવાય,

"પ"થી પવિત્ર, "તં"થી તંદુરસ્ત, "ગ"થી વિશાળ બનો,
આપે સલાહ મકરસંક્રાંતિ, ના બનો સંકુચિત મનથી,

પતંગ કપાયો તો શું થયું? માંજો મજબૂત રાખ મનનો,
સમજી વિચારીને પેચ લડાવો, જીત તારી હાથવેંતમાં,

હૃદયે શુદ્ધપ્રેમના પતંગ ચગાવો, સંગી બનો જ્ઞાનપંથે,
અહંકાર ઘવાય તો શું થયું? જીવન પતંગને ઉડાડો,

જીવન પતંગ ઉડે છે દોરીથી, ચગાવે છે મારા પ્રભુજી,
જ્ઞાનથી તું જીવજે જ, પતંગ ચગડોળે ના ચઢે તારો,

સંબંધોની કિન્નાઓ, ધ્યાનથી બાંધજે પ્રેમની દોરીથી,
ઉડશે ઉંચે જીવન પતંગ તારો, જ્ઞાનગંગાના કિનારેથી,

ઉત્તરાયણને ઉત્સાહ, આનંદથી મોજમાં ઉજવજે,
લુંટજે પતંગો જીવન આકાશે, સુસંસ્કારોના પંથકે.
-દિલીપ સી. સોની

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS NO -174

પ્રકારઃ- પદ્ય (ગઝલ)
વિષયઃ- મકરસંકાતી
શિર્ષક :- પતંગ
શબ્દોઃ- ૮૦
નામઃ- શાંતિલાલ કાશિયાણી
'શાંતિ'. ( ધ્રોલ )

ગોથા મહી અથડાઈને ચગ્યો પતંગ,
આ ભીડની દુનિયા મહી લડ્યો પતંગ.

ઉડ્યો અને નાચ્યો ઘણો ખૂબ હોંશમાં,
પળભર ખુશીની લ્હાયમાં મલક્યો પતંગ.

ઊંચે ગયો તો આભ સાથે આથડી,
સરસર કરી કો ગર્વમાં ગરજ્યો પતંગ.

બાંધ્યો હતો પાકા સુરતના દોરથી,
તોયે પતંગી જોઈને લપસ્યો પતંગ.

શૂરવીરતાથી ખૂબ લડ્યો પણ આખરે,
મુજ નામના કાજે શહિદ બન્યો પતંગ.

શું હોય એનું અસ્તિત્વ આકાશમાં,
અંતે તુટીને ધૂળમાં ભર્યો પતંગ.

આ જિંદગી પણ છે પતંગ સમ "શાંતિ",
બેચાર પળના શ્વાસથી ભર્યો પતંગ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS No-193

વિષય - મકરસંક્રાંતિ
પ્રકાર - પદ્ય
શિર્ષક - મળ્યું એ માણી લઉં..
નામ - છાયા શાહ

રંગબેરંગી રંગોમાં જીવન સજાવ્યા કરું..
ઈચ્છાના પવનમાં થોડું લહેરાવ્યા કરું..

આશા-નિરાશાની ડાળ પર દિલને સાચવી લઉં..
વાદ- વિવાદ થાય તો પેચ માર્યા કરું..

રાહમાં મળે હમસફર સ્નેહની દોરીમાં બાધી? લઉં..
જ્યાં પહોંચાય ત્યાં મનની ઉડાન ભર્યા કરું..

ભેગું ?કરતા કરતાં થોડું દાન આપી દઉં..
તહેવાર આવે ત્યાં ખુશીની ઉજાણી કર્યા કરું..

સૌને સંભાળતાં ખુદને પણ સાચવી લઉં..
મળી છે આ જિંદગી બસ એને માણ્યા કરું..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS NO. 187.

પ્રકાર:પદ્ય.
વિષય:મકરસંક્રાંતિ
શીર્ષક:પંખીની ફરીયાદ.
શબ્દો:૧૫૦
લેખક:ચારુલતા દોષી.

લાલ, પીળી પતંગો આજે ઉડી રહી છે ગગનમાં.
પંખીડાને કહી રહી છે બેસો આજે માળામાં.
ફરવા આવ્યા આજે અમે તમારા ચમનમાં.
આરામ કરો તમે આજે તમારા માળામાં.

પાંખ ફેલાવી પંખી એક ઉડવા જાતું તું ગગનમાં
માતા એની આડે આવી બેસાડ્યું માળામાં.
પૂછી રહ્યું છે પંખીઆતો કોણ આવ્યું આપણા ચમનમાં.
કહી રહી છે માતા એની આજે મહેમાન છે ગગનમાં.

પંખી બોલ્યું આવું મળીને વાતું કરશું બે ચાર ઘડીકમાં.
હાથ મીલાવી કરું દોસ્તી હું નવી મિત્રતામાં,
માતા એની બોલી પડી ના જાવું આજે ગગનમાં.
મિત્ર નથી આતો રાક્ષસ છે નવા એક મિત્ર કેરાં રૂપમાં.

માન્યું નહીં ને પંખી આજે ઉડ્યું છે ગગનમાં.
મિત્ર માની પતંગો વચ્ચે ઉડ્યું એ હરખમાં.
ઘવાણુ એવું કપાણી પાંખો પડ્યું એ જમીનમાં.
શોધતી આવી માતા એની કરતી આક્રંદ બેસીને બાજુમાં.

ફરીયાદ કરવી મારે ક્યાં બોલતી આક્રોશમાં.
કોણ સાંભળશે રાવ મારી માનવ કેરાં વનમાં.
દયાળુ ઈશ્વર કેમ રહેવું અમારે તારી આ સૃષ્ટિમાં
ઉડવા નોખું ગગન દેજે અમને પણ અવનીમા.

ચારુલતા દોષી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS no.208

વિષય : વહેતી પતંગ
શબ્દ :૧૨૦
લેખક અમરીશ શુક્લ

રંગ આભનો રંગીન છે મારા થકી,
ઉમંગ ભર્યો માહોલ છે મારા થકી.

લાગણીઓ ભીંજાઈ છે મારા થકી,
અનોખા ઓરતા બધા છે મારા થકી.

પ્રીત પાંગરી રહી છે મારા જ થકી,
નાચતા હૈયા રહ્યાં છે મારા થકી.

આંખથી આંખ મળી છે મારા થકી.
હાર હૈયાનો મળ્યો છે મારા થકી,

ચુમતી હવામાં ઠુમકે છે મારા થકી,
પ્રસંગ પ્રેમનો આજ છે મારા થકી.

નખરાળી પતંગ આ છે મારા થકી,
આશાઓ ઊડતી ઘણી છે મારા થકી.

મોકલ્યો પેગામ મીઠડો છે મારા થકી,
વહેતી પતંગ દિલની મૂકી છે મારા થકી.

(આશુ) અમરીશ શુક્લ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## N O G S S NO 163

પ્રકાર:પદ્ય .વિષય:મકરસંક્રાંતિ
શબ્દ:૭૨

પર્વો તો અનેક છે!
પણ,પર્વો માંયે મહાપર્વ,
ઉત્તરાયણ નું આજે..

પોષ માસે પ્રવેશ સૂર્યનો,
થાય મકર રાશિમાં..
તેથીજ તો કહેવાય..
★મકરસંક્રાંતિ..★

પ્રાચીન કાળથી પ્રવર્તમાન,
ગરીબ તવંગર ઉજવે સૌ..
જમણો હાથ કરે જે દાન,
ખબર પડે ના અન્ય હાથને..
એવો મહિમા ગુપ્તદાનનો..

ઉત્તરાયણમાં તલસાંકળી,
ઉંધીયુ છાશ જલેબી સાથે..
પરિવારજનો ભેગા થતા,
મહિમા પતંગ ચકાવાનો..

ગાયો ને ખવડાવીએ ઘૂઘરી ને ઘાસચારો
જરૂરિયાતમંદને આપીએ અન્ન વસ્ત્રનું દાન..
ગુપ્તદાન મહાદાન સમજીને
ઉજવીએ આ મહા પર્વ..

શ્રીમતી મીનાક્ષી ત્રીવેદી
'મૌની' વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS No-106

પ્રકાર:-ગદ્ય...શબ્દ:-૩૩૦
વિષય:"ઉત્તરાયણ, મકરસંક્રાંતિ,
શીર્ષક-" આનંદની જિંદગી"
★★★★★★★★★★
નામ-મુક્તિદા કુમાર 'રુપલી' મુંબઈ

"ઉત્તરાયણ થયા, ઉત્તરે રવિ વળ્યા! ભાનુના ભર્ગની વાગી ઘડીઓ.."

ઉત્તરાયણ વિષે વાત કરવી હોય તો, તળપદી "અમદાવાદી બોલી"માં જ વાત કરવાની મજા આવે!..

"આયે એઈલા"!એ ધાબે ચલને લ્યા.".

એ...ને ..સવારથી સાંજ સુધી,આનંદ અને ઉત્સાહની ચીચીયારીઓ.ઉત્સાહમાં એવા તો ઘેલા થઈ જાય લોકો કે ભાન ભૂલી જાય, ક્યાં ઊભા છે? કેવી રીતે ઊભા છે!.? વાંદરાઓની જેમ એક છાપરેથી બીજા છાપરે કૂદાકૂદ!જાણે લૂંટાઈ જતા હોય તેમ એકએકપતંગમાટે..બૂમરાણ,ધમપછાડા. આજથી સૂરજ દેવતા પોતાનો પરચો બતાવવાનું શરૂ કરી દે છે.ગરમી શરૂ થઈ જાય,એટલે માથામાં ટોપલા,આંખે ગોગલ્સ. ધાબે તો ઠંડા પહોરે પહોંચી ગયા હોય,પણ બપોર પડતાં આકાશમાં ચગતાં,પતંગ!?! -દેવારે!દેવા!!આખું આકાશ ભરચક્ક થઈ ગયું. હોય.આકાશમાં એવું લાગે પતંગનું લશ્કર

આભાર - નિહારીકા રવિયા આપણા ઉપર ક્યાંથી ચઢાઈ કરવા આવી પૂગ્યું છે?!!"કા..ઈ પો છે"ની ચીચીયારીઓ સંભળાય ત્યારે તો એમજ થાય કે ચોક્કસ કોઈ કપાઈ ગયું.! સમાજ,સાહિત્ય,ઈતિહાસ,ભૂગોળ કે ધર્મ,બધાને સંક્રાંતિ લાગુ પડે છે. કોઈ પણ ધર્મ કે પ્રાંતના સીમાડાઓનું બંધન આ તહેવાર ને નથી.સૌ આ ઉત્સવ બહુજ આનંદથી ઉજવે છે. "સંક્રાંતિ"એટલે એક માંથી બીજામાં જવું. મકરસંક્રાંતિના દિવસે સૂરજ,ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે.ઉત્તરાયણથી સૂરજના કિરણો સ્વાસ્થ્ય અને શાંતિ વધારે છે.

ભીષ્મ પિતામહનો દેહત્યાગ, દેવવ્રત(ભીષ્મપિતામહ)નાંમા ગંગાજી,
ભગીરથ પાછળ જઈને, કપિલ મુનિના આશ્રમ સુધી પહોંચ્યાં હતાં.!!
ઉત્તરાયણ વિષે ખૂબ વાતો પ્રચલિત છે.
જે હોય તે. ચગાવતાં,આકાશમાં બીજાની પતંગો સાથે પેચ લડાવતાં,
બીજાંની પતંગ કાપી બાળકની જેમ ચિલ્લાતાં ખુશી અનુભવતાં જોઈ!..પછી..પતંગ ચગાવી
આનંદ મેળવવો..
શુભ શરૂઆત એટલે મકર સંક્રાંતિ.હકીકતમાં આ એક ખગોળીય ઘટના છે.
સુભટના શુકનની વાગી ઘડિયો..
ખૂબ ખેતખલિહાન અનાજથી લથબથ થતાં હોય! સૂરજ દેવ ધનુ રાશિમાંથી મકરમાં પ્રવેશતા હોય અને પોતાનાં તેજનો પરચો બતાવતા હોય. દિવસ ના અજવાળાંમાં વધારો થતો રહે..
અને આખાં એશિયામાં ખેડૂતો ગીતો લલકારતા લણણી કરે. શેરડી,ગોળ,તલની ઉજાણી કરે!
મકરસંક્રાંતિ એટલે આનંદનો તહેવાર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS No : 109

વિષયઃ મકરસંક્રાંતિ
શિર્ષક :-મે ચગાવ્યો છે
પ્રકાર :-પદ્ય

બધા રંગો ઉડતા જોઈ
મે પણ એક રંગ ઉડાડ્યો
ચગ્યો છે
આકાશ
હવામાં મસ્ત બની
પણ જુવો થોડો તોફાની છે
ગુલાટીઓ મારે
ખડખડાટ હસે
ને જાણી જોઈ અથડાય
કેટલાના ખભા સાથે
જાણ યુવાની ફૂટી
દોડે છે કોઈ લ્હેરાય આવતા
મરમર ગીત ગાતા
બાજ બની તીક્ષ્ણ નજરે
ત્રાપ મારે છે ભારી અને
અથડાય પાછું માંડ ઊઠે
કોઈ ઠુકવાય ગયા પંખી
ટકશે કેટલો ફાળ પડી
હૈયું થરથર ધ્રુજે
અડધે જતા પેચ લડાવી
લાજ રાખે તો ખરું
નૈતો જશે આભઅટારી
ઉડતો ઉડતો ખોશે
જાત પછી એ નાત
બધું નામ મટી યે જશે
મે ચગાવ્યો છે!!!
બાબુ સંગાડા

# લેબર લોઝ પ્રેક્ટિસનર એશોસિયેશન દ્વારા માંગણીઓ નહિં સંતોષય તો જલદ આંદોલન ની ચીમકી



લેબર લોઝ પ્રેક્ટિસનર્સ એસોસિએશન .અમદાવાદ.લાલદરવાજા બહુમાળી એમ.એસ બિલ્ડિંગ ખાતે ૫૫ વર્ષોથી કાર્યરત છે. અમદાવાદના લાલ દરવાજાના વિસ્તારમાં બહુમાળી મકાનની સ્થાપના થઈ ત્યારથી આશરે છેલ્લા ૫૫ વર્ષથી નામદાર મજૂર અદાલત અને નામદાર ઔદ્યોગિક અદાલત કાર્યક્રમ રહેલ છે. હાલમાં તમામ કોટો બી બ્લોકના થી સાતમા માલ સુધી અસ્તિત્વમાં છે. આ એસોસિયેશનની માગણી છે કે વકીલ બાર રૂમ લાઈબ્રેરી અને લેડીઝ રૂમનું સ્થળાંતર તાત્કાલિક ધોરણ થી કરવામાં આવે.

અમારા બાર ને ત્રાહિત સૂત્રો મારફતે જુલાઈ ૨૦૨૩ માં જાણકારી મળેલ કે ઉપરોક્ત બાબતમાં જણાવેલ ત્રણેય જગ્યા ટ્રાન્સફર કરી આ તમામ જગ્યા ઉપર મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ની નવી ૨૫૦ લાવવામાં આવી ગયેલ છે જેથી અમારા એક્સેસને તારીખ ૫ ૭ ૨૦૨૩ અને તારીખ ૧૩ ૭ ૨૦૨૩ ના રોજ લેખિત રજૂઆત કરીને વિરોધ કરેલ અને જણાવેલ કે અમારી કોર્ટ છેલ્લા ઘણા વર્ષોથી અત્રે અસ્તિત્વ ધરાવે છે અને નવી ૨૫ મેચ સ્ટ્રેટની કોર્ટો જો લાવવી હોય તો તેમને આઠમાં માળે નવેસરથી જગ્યાની ફાળવણી કરવી જોઈએ પરંતુ તેમ કરવાને બદલે અમારી જ કોર્ટો આઠમા માલ ખાતે લઈ જવાનો નક્કી કરેલ હાલમાં વકીલોને બેસવા માટેનો એક મોટો બાર રૂમ કે જે આશરે ૫૪ મીટરનો છે જેમાં વકીલ શ્રી ઓના કુલ ૧૫૬ લોકકરો છે તેમાં ચાર એસી લાગેલા છે અને લંચ રૂમ તેમજ કોમ્પ્યુટર ક્લાર્કને બેસવાની જગ્યા પાડવામાં આવેલ છે.તે જ રીતે લેડીસ રૂમ અલગ આપવામાં આવેલ છે અને લાઈબ્રેરી મુખ્ય છે એમાં કાયદાના પુસ્તકો સાથેના લગભગ ૧૦ થી ૧૨ કબાટો તથા એસી અને ફર્નિચર આવેલ છે આ તમામ ખસેડીને બહુમાળી મકાનના આઠમાં માળે બે રૂમ આપવા અંગેની વ્યવસ્થા નામદાર ગુજરાત હાઈકોર્ટે અમારા માટે કરેલ તે પૈકી અમોને ફાળવવામાં આવેલ વકીલ રૂમ માત્ર ૪૧ મીટરની જગ્યા વાળો છે જેમાં હાલમાં પ્રેક્ટિસ કરતા તમામ એડવોકેટ સ્ત્રીઓ બેસી શકે તેમ નથી કે અસ્તિત્વ ધરાવતા તમામ લોકો આવી શકે તેમ નથી જ્યારે લાઈબ્રેરી રૂમ પણ ખૂબ જ અપૂરતો આપવામાં આવેલ છે જ્યારે લેડીઝ રૂમની ફાળવણી કરવામાં આવેલ જ નથી જેથી અમારી માગણી છે કે જેટલા ક્ષેત્રફળમાં હાલમાં અમો રૂમ ધરાવીએ છીએ તે જ ક્ષેત્રફળમાં આઠમા માળે કે અન્ય માળ ઉપર તેટલી જ જગ્યા અમોને ફાળવવામાં આવે તો ટ્રાન્સફર થઈ આઠમા માળે કે અન્ય માળ ઉપર જવા સામે અમોને કોઈ જ વાંધો નથી.

ઉપરોક્ત પરિસ્થિતિ મુજબની કાર્યવાહી કરી ૨૫ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ અત્રે લાવવાની છે તે બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટ નો તારીખ ૯/ ૧૧/ ૨૦૨૨ ના પત્રનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ આવો કોઈ જ પત્ર અમોને મળેલ નથી સૌપ્રથમ આ બાબતની જાણકારી તારીખ ૧૨ ૧૨ ૨૦૨૦ ના પત્રથી અમોને કરવામાં આવેલ જેથી ૧૩ ૧૨ ૨૦૩૦ ના રોજ અમોએ તમામ હકીકતો સહિતની લેખિત રજૂઆત નામદાર હાઇકોર્ટના રજીસ્ટાર શ્રી તથા ઉદ્યોગિક અદાલતના પ્રમુખશ્રીને કરેલ. સગરામ પત્ર મળવા છતાં અમારી માગણીઓ બાબતે કોઈ જ કાર્યવાહી નામદાર ગુજરાત હાઇકોર્ટે કરેલ નથી જ્યારે ઔદ્યોગિક અદાલતના પ્રમુખશ્રીને આ બાબતે રજૂઆત કરીએ છીએ ત્યારે તેઓ આ વિષય વસ્તુ નામદાર હાઇકોર્ટ હસ્તક હોય એવું કંઈ કરી શકે તેમ નથી તેઓ જવાબ આપે છે જ્યારે નામદાર હાઇકોર્ટના રજીસ્ટર રૂબરૂમાં મળીએ છીએ ત્યારે તેઓ જણાવે છે કે બહુમાળી મકાનમાં અન્ય એવી કેવી જગ્યા છે કે જે તમને ફાળવી શકાય તે અંગેની માહિતી હાઇકોર્ટને આપવામાં આવે તો હાઇકોર્ટ યોગ્ય કરશે. તેના અનુસંધાનમાં અમોએ તારીખ ૧૩ ૧૨ ૨૦૨૩ તારીખ ૧૪ /૧૨/૨૦૨૩ તારીખ ૧૮ / ૧૨ /૨૦૨૩ તારીખ ૧૯ /૧૨ / ૨૦૨૩ અને તારીખ ૨૭ /૧૨/ ૨૦૨૦ ના રોજ કઈ જગ્યા અમોને ફાળવી શકાય તેમ છે તે અંગેની માહિતી નામદાર ગુજરાત હાઈકોર્ટ ને લેખિતમાં આપેલો હોવા છતાં અર્જુન સુધી તેઓએ કોઈ નિર્ણય લીધેલ નથી.

આમ અમારી ઉપરોક્ત પરિસ્થિતિ ખૂબ જ ગંભીર હોવા છતાં અને હાલમાં હયા ક્ષેત્રફળમાં જે પ્રમાણે અમો રૂમનો કબજો ધરાવે છે તે પ્રમાણે વૈકલ્પિક વ્યવસ્થા રૂપે અમોને જગ્યાની ફાળવણી કર્યા સિવાય નામદાર ઔદ્યોતિક અદાલતના પ્રમુખશ્રીએ તારીખ ૩/૧/ ૨૦૨૪ ના રોજ અમારા એસોસિએશનને પત્ર લખી અમારા હસ્તકના તમામ રોગોનો ખાલી અને પ્રત્યક્ષ કબજો તાત્કાલિક રીતે કાર્યપાલક ઈજનેરશ્રીને કચેરીને આપવાનું જણાવેલ હોવા છતાં હજુ સુધી કબજો આપેલ નથી. જેથી તાત્કાલિક સદર રૂમનો કબજો કાર્યપાલક ઈજનેર શ્રી ની કચેરીને સોંપી તેની જાણ ઔધોગિક અદાલતને કરવા સારું જણાવેલ. જેના અનુસંધાનમાં અમારા એસોસિએશનની મીટીગ તારીખ ૮/૧/૨૦૨૪ ના રોજ મળેલ જેમાં તમામ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધેલ અને ત્યારબાદ સર્વનું મતે અમદાવાદની તમામ મજૂર અદાલત અને ઔધોગિક અદાલતમાં કોર્ટ કાર્યવાહીથી અચોક્કસ મુદત સુધી અળગા રહેવાનો ઠરાવ કરેલ તે મુજબ ચોક્કસ મુદતની હડતાલ હાલમાં ચાલુ છે તથા અમારી આ અચોક્કસ મુદતની હડતાળને ગુજરાત રાજ્યના અન્ય શહેરોમાં આવેલ મજૂર અદાલતો ને સમર્થન આપી એક દિવસની પ્રતિક હડતાલ રાખવા અંગેની એસોસિએશનને કરેલી છે. ઉપરોક્ત હકીકત લેબર લોસ પ્રેક્ટિસ એસોસિએશન અમદાવાદના પ્રમુખશ્રી એસ એન ગાંધી તેમજ જનરલ સેક્રેટરી લલિત પાટીલ દ્વારા મીડિયા અને આજરોજ જણાવવામાં આવેલ છે.

# કચ્છની આગવી ઓળખ એટલે કચ્છનું જગવિખ્યાત " કચ્છી ભરતકામ "



ગુજરાત રાજય તેના ભવ્ય અને ભાતીગળ હસ્તકલા કસબના વારસા માટે વિશ્વવિખ્યાત છે. મન મોહિક કલા એટલે કચ્છી ભરતકામ, × ભર્યા ભર્યા તારલા છો અંબરમા.. મેં તો ચડ્યા આભલા વસ્ત્રામાં × પરંપરાગત સચ અને કચ્છની માતા બહેનો સોઈ ને દોડાવડે કાપડ પર પોતાની આંગળીઓનો જાદુ ચલાવે છે. ત્યારે સર્જાયો છે એવો વસ્ત્ર શણગાર ત્યારે દુનિયા કચ્છી ભરતકામ તરીકે ઓળખાય છે.

કાપડ પણ રંગીન દોરાથી વિવિધ આકૃતિઓ ગુથી ને આભલા મોતી સ્ટોન ટીલડી શણગારવાની આ ભરત કળા આશરે ૪૦૦ વર્ષ પહેલાં કચ્છમાં આવી હોવાનું મનાય છે.

સુતરાઓ મશરૂમ સીલ કે સાટીન કાપડ અને સુતર કે સિલ્ક ના દોરાથી ભરત કામ કરવામાં આવે છે. પરંપરા થી માતા દાદી નાની દ્વારા દીકરીઓને વારસામાં શીખવાડવામાં આવે છે. કચ્છમાં જુદા જુદા વિસ્તારોમાં અને ગામડાઓમાં થતા ભરતમાં અનેક શૈલી ગણવામાં આવે છે. રબારી આહીર ભરવાડ જત મુખ્ય ગણાય છે. આહિર અને રબારી ભરતકામમાં આભલા નો વિશેષ ઉપયોગ થાય છે. દોરાના કલર ચડકતા અને આકર્ષક હોય છે તેમાં ખાસ કરીને કૃષ્ણ મોર પોપટ ફૂલની અવનવી ડિઝાઈનો જોવા મળે છે. ગામડાના વિસ્તારોમાં લાડાના કપડાના શણગાર માટે ભરતનો ખૂબ જ ઉપયોગ થાય છે. અને બની વિસ્તારની ભરતની શૈલી બની ભરત તરીકે કહેવાય છે. ટ્રેડિશનલ નવરાત્રી થી લઈને ચણીયા ચોળી થી ઓઢણી બેગ કુર્તી કુશન કવર ભાતીગળ રંગો ભરે છે. જે હાથમાં માતૃત્વની હુંફ આપે છે. એ જ હાથથી કચ્છની હજારો બહેનો પોતાના પરિવાર માટે વધારાની આવક રડી રહી છે. ને એવી જ રીતે આ ખુશાલી નું માધ્યમ બન્યું તેમનું અદભુત ભરત કામ.. ગુજરાત રાજયના ભવ્ય અને ભાતીગળ હસ્તકલાના કસબના વારસાને જીવંત રાખવા ગુજરાત સરકારના કુટીર અને ગ્રામ ઉદ્યોગ વિભાગના નેજા હેઠળ (દ્રહ્રઈઠ્-ઝ) ગરવી ગુજરાત સંસ્થા દ્વારા અનેક પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે

લેખ :
**દીપિકા પ્રકાશ સોની (ધડુલી)**

# ડાંગમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં હપ્તાકાંડ માં જવાબદાર કર્મચારીઓ સામે પગલાં ભરવામાં તંત્રના અખાડા

આહવા.

ડાંગ જિલ્લા માં પ્રધાનમંત્રી આવાસ યોજના માં ઓડિટ અને ઊચ્ચ અધિકારીઓને આપવા નાં નામે આવાસનાં લાભાર્થીઓ પાસેથી કરોડો રૂપિયા પડાવી લેવાનાં ન્યૂઝ ઓફ ગાંધીનગર અખબારનાં સચોટ અહેવાલ બાદ ડાંગ જિલ્લા વહીવટી તંત્ર આ હપ્તાકાંડમાં ભ્રષ્ટ કર્મચારીઓ અધિકારીઓની સામે તેમજ ઓડિટ અધિકારીઓની સામે પગલાં ભરવામાં અખાડા થઈ રહ્યા છે તાલુકા વિકાસ અધિકારીઓ જવાબ આપવામાં ચલક ચલાણી રમાડી રહ્યા છે અહેવાલો પાસેથી મળેલી માહિતી મુજબ આ હપ્તા કાન્ડ માં સામીલ સબીર તાલુકા પંચાયના ચાર કર્મચારીઓની બદલી વઘઈ તાલુકા પંચાયત ખાતે કરાઈ છે તેમજ આહવા અને વઘઈ તાલુકા વિકાસ અધિકારી એ લાભાર્થીઓના નિવેદન લીધા છે જેમાં લાભાર્થીઓએ જણાવ્યું છે કે અમારી પાસેથી પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કર્મચારીઓએ ઓડિટ અધિકારી ઓએ કોઈપણ પ્રકારના ઉઘરાણા કર્યા નથી એટલે અમારા તાલુકામાં ભ્રષ્ટાચાર થયો નથી તેવું જણાવી રહ્યા છે જ્યારે ન્યૂઝ ઓફ ગાંધીનગર અખબાર પાસે હાજર પુરાવામાં કર્મચારી જણાવે છેકે હપ્તા ત્રણે તાલુકાઓમાં આખા જિલ્લામાં લેવાયેલ છે અને તે ઓડિટ અને ઉપરી અધિકારીઓને જાય છે તેવો ઘરફોડ થતો હોવા છતાં ડાંગ વહીવટી તંત્ર આ ભ્રષ્ટ કર્મચારીઓ ઓડિટ ના અધિકારીઓ સામે કાર્યવાહીને નહી થતા પી.એમ આવાસ હપ્તા કાંડ ને ડાભી દેવાની કોશિશ થઈ રહી હોય તેવું જણાઈ રહ્યું છે. ત્યારે ન્યૂઝ ઓફ ગાંધીનગર છેલ્લે સુધી તેની લડત ચાલુ રાખશે.

# અંબાજીમાં પુ.માડી શ્રીએ માં અંબાના દર્શન કરી આગામી સુરત ખાતે યોજાનાર પાટોત્સવમાં પધારવા આમંત્રણ આપ્યું



સદ ગુરૂદેવશ્રી શ્રી ૧૦૦૮ શક્તિ પીઠાધિશ્વર પરમ પૂજય માડીશ્રી ના રૂદીયામા બિરાજમાન શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મહામાયા મેલડી માઁ ને સેવકોએ આરાસુર અંબા માઁ ને ધામ અને ગબ્બરના ગોખે કંકુ ચોખાથી વધાવી લાલ ચુંદડી ઓઢાડીને આશિર્વાદ નો લાભ લીધો ..ત્યારે શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ એ એમના મંદિરના આવનાર દશમા પાટોત્સવ મહોત્સવ નિમિત્તે જબર જસ્ત આશિર્વાદ આપ્યા.

તારીખ ૧૪/૧૫/૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ સુરત શહેરનાં આંગણે ત્રિકમ નગરમા વરાછા રોડ આવેલુ શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મહામાયા, મહાશક્તિ, મહાદેવી, આધ્યશક્તિ સ્વરૂપ, ચૌદ બ્રહ્માંડની ભુવનેશ્વરી દેવી, જગત જનની, પરમ પરમેશ્વરી, રાજમાન રાજ રાજેશ્વરી ભગવતી શ્રી મેલડી માઁ ના મંદીરે ત્રિદિવસીય દશમા પાટોત્સવ મહોત્સવનુ ભવ્ય આયોજન થવા જઈ રહ્યુ છે.શ્રી ગુરૂ કૃપાના ગોખવાળી મેલડી માઁ ના પાટોત્સવ મહોત્સવમા તારીખ ૧૪/૨/ ૨૦૨૪ ના રોજ સવારે માતા પિતા ની પરિક્મા પૂજા વિધી અને સાંજે વીર અભિમન્યુ નામક આખ્યાનનુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ છે..જયારે તારીખ ૧૫/૨/ ૨૦૨૪ના રોજ સવારે શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ ની ભવ્ય શોભાયાત્રા નુ આયોજન કરવામાં આવ્યું છે..આ શોભાયાત્રામા હાથી, ઊંટ ગાડીઓ, રજવાડી બગીઓ, બળદ ગાડાઓ, ટ્રેકટરો, આદિવાસી નૃત્ય, ડી.જે. સાઉન્ડનો સમાવેશ કરવામાં આવે છે..અને હેલિકોપ્ટર દ્વારા પુષ્પ વર્ષા કરવામા આવે છે..તેમજ આ દિવસે રાત્રે ભવ્ય લોક ડાયરાનુ આયોજન કરવામા આવ્યુ છે અને તારીખ ૧૬/૦૨/૨૦૨૪ ના રોજ સવારે શ્રી દુર્ગા ચંડી યજ્ઞનુ તેમજ રાત્રે શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ ના સગડીમા જયોત રૂપે દર્શન અને ભવ્ય રાસ ગરબાનુ આયોજન કરવામા આવ્યુ છે.રાસ ગરબા પુર્ણ થયા પછી શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ મંદીરે જે દિકરીઓ એ નામ લખાવેલ હોય છે..તે સર્વે દિકરીઓને સદ ગુરૂદેવશ્રી શ્રી ૧૦૦૮ શક્તિ પીઠાધિશ્વર પરમ પૂજય માડી શ્રી દ્વારા પ્રસાદ રૂપે સાડી અને રૂપિયાનુ કવર આપવામા આવે છે.આવી રીતે શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ મંદીરે દર વર્ષે ત્રિદિવસીય પાટોત્સવ મહોત્સવનુ ભવ્ય આયોજન કરવામા આવે છે.

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

# ચાણસ્મા ના ગંગેટ ગામેથી ૫૭,૦૦૦ નો વિદેશી દારૂ એલસીબી પોલીસે ઝડપ્યો



છેલ્લા કેટલાક સમયથી સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા તેમજ પાટણ એલસીબી પોલીસ દ્વારા ચાણસ્મા પંથકમાં અવારનવાર રેડ કરી વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવી રહ્યો છે ત્યારે વધુ એક વખત ચાણસ્મા તાલુકાના ગંગેટ ગામની સીમમાંથી વિદેશી દારૂની બોટલ તેમજ ટીન મળી કુલ રૂ.૫૭,૬૦૦ નો વિદેશી દારૂ ઝડપી લીધો હતો

પોલીસ સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ ચાણસ્મા તાલુકાના ગંગેટ ગામે આજરોજ પાટણ એલસીબી પોલીસના માણસોને મળેલ બાતમીને આધારે રેડ કરાતા ગંગેટ ગામની સીમમાં આવેલ કિયાળો ઓટોમાંથી વિદેશી દારૂની બોટલો નંગ ૨૮૮ કી.રૂ. ૪૩,૨૦૦ તેમજ બિયરના ટીન નંગ ૧૨૦ કી.રૂ ૧૪,૪૦૦ મળી કુલ રૂ ૫૭,૬૦૦ નો વિદેશી દારૂ કબજે કર્યો હતો જેમાં દારૂનો વેપલો કરનાર ઠાકોર સંજય સિંહ ઉર્ફે ભાણો નટુજી રહે ધાણોધરડા તા ચાણસ્મા તથા ટેટૃ ૭૦૦ ગાડી નં જી.જે ૦૧ આર.બી ૫૬૭૯ નો ચાલક મનુભા વનવિરસિંહ મકવાણા રહે ઉમરી તા.જી બનાસકાંઠા વાળો ફરાર થઈ જવા પામ્યા હતા જેની સામે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ



**આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન થાય તેવા ઉમદા હેતુથી "સંસ્કાર સભાની" નવીન શરૂઆત કરવામાં આવી. તેમાં સાંદિપની - કૃષ્ણ, પરશુરામ - કર્ણ, ચાણક્ય - ચંદ્રગુપ્ત, સમર્થ રામદાસ - શિવાજી, રામકૃષ્ણ પમહંસ - સ્વામી વિવેકાનંદ જેવા પાત્રોના અભિનય દ્વારા વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું.**

# ડાંગ જિલ્લા સુબિર તાલુકાના શિંગાણા ખાતે દિવાળીબેન ટ્રસ્ટ બારડોલી દ્વારા “બાળ આરોગ્ય મેળા”ની ઉજવણી કરાઇ

આહવા ડાંગ

સંવાહક-દિવાળીબેન ટ્રસ્ટ, બારડોલી પ્રેરક-દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ, નવસારી તથા ભારતીય જન સેવા સંસ્થાન માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળા, શિંગાણા આયોજીત “બાળ આરોગ્ય મેળા”નું આંનદોત્સવ અને આરોગ્ય જ્ઞાન સાથે રમત-ગમ્મત દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.અહિં શિંગાણા, જામન્યામાળ, બુરથડી, ઝરણ, મોખામાળ, જાબાલા, કેશબંધ અને ટિમ્બરથવાની પ્રાથમિક શાળામના બાળકો શિક્ષકઓ સાથે કુલ ૧૩૫૦થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

ડાંગ જિલ્લાના શિક્ષણ અધિકારી શ્રી જીજ્ઞેશભાર ત્રિવેદીએ બાળકો સ્વચ્છ રહીને આનંદ સાથે પોતાનો ધ્યેય પ્રાપ્ત કરવાની હાકલ કરી હતી. દેસાઈ ફાઉન્ડેશન અમેરિકાના ઝઈ પેરિશા પણ હાજર રહી આરોગ્ય મેળાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સુબિર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રવિનાબેન ગાવિત, સંરપચ શ્રીમતી સુજાતાબેન પવાર, દિવાળીબેન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નલિનભાઈ જોષી, પુજય શ્રી પી.પી સ્વામી, તેમજ ટીપીઓશ્રી પણ હાજર રહ્યા હતા.બાળ આરોગ્ય અંતંગત બાળકોનું



રજીસ્ટ્રેશન, ગુડીબેગનું વિતરણ, વજન-ઉચાઇ, હિમોગ્લોબિન તપાસ, આરોગ્ય તપાસ,તેજસ હોસ્પિટલ દ્વારા આંખની તપાસ, દાંતની કાળજી,પઝલ, વિજ્ઞાનના પ્રયોગો, તંદુરસ્તી સુધી પહોચો,રીગ ફેક, પોષણ-વિટામીન કુંદ, હીટ ધ ટારગેટ, આર્ટ એન્ડ ડ્રાફ્ટ, શરીરના આંતરિક અંગો, આદર્શ બાળક, ગુડ ટચ બેડ ટચ, વેસ્ટ મેનેજમેન્ટ, વ્યસનમુકિત નાટક, યોગા, સારી ટેવ-ખોટી આદત, મેડિકલ કીટ, કાટુન, હેલો માસિક,આરોગ્ય અગ્રિમતા,દ્રશ્ય-શ્રાવ્ય જેવા અનેક સ્ટોલ થકી આનંદ મજા સાથે જ્ઞાન પુરું પાડવામાં આવ્યું.બાળ આરોગ્ય મેળાની મેનેજમેન્ટ ટીમ શ્રી ભાવેશ પટેલ, શ્રી અમર પાડવી, શ્રીમતી રોશની પાનવાલા અને શ્રીમતી ડિમ્પલ માહોરની અને તમામ જયોતિર્ધર મહેનત અને પરિશ્રમના કારણે આ બાળ આરોગ્ય મેળો સફળ રીતે પૂર્ણ થયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.